## (1) વીમાનમાં રહેલા બ્લેક બોક્સ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ બ્લેક બોક્સને ટેક્નીકલ ભાષામાં ઈલેક્ટ્રોનીક ફ્લાઈટ ડેટા રેકોર્ડર કહે છે.
(2) આ પ્રકારના બોક્સ કોમર્શીયલ ફ્લાઈટ માટે ફરજિયાત હોય છે.
(3) આ બોક્સ વીમાનમાં આગળના ભાગમાં પાયલટની આસપાસ જ રાખવામાં આવે છે.
(4) બ્લેક બોક્સમાં બે ઉપકરણો આવેલા હોય છે. આ ઉપકરણોને ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR) અને કોકપીટ વોઈસ રેકોર્ડર (CVR) કહે છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ કોઝીકોડે વીમાન દુર્ઘટનાના બ્લેક બોક્સ તાજેતરમાં મળી આવેલા છે. આ બોક્સ દ્વારા દુર્ઘટનાના થોડા સમય પહેલાની વીમાનની મહત્ત્વની ઘટનાઓ વિશે માહિતી મેળવી શકાશે.

⇛ બ્લેક બોક્સને ટેક્નીકલ ભાષામાં ઈલેક્ટ્રોનીક ફ્લાઈટ ડેટા રેકોર્ડર કહે છે. તે નારંગી રંગનું ખૂબ જ સુરક્ષા ધરાવતું ઉપકરણ હોય છે. તેનો ઉપયોગ વીમાની દુર્ઘટનાની તપાસ માટે કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ કોમર્શીયલ ફ્લાઈટ અથવા કોર્પોરેટ જેટમાં બ્લેક બોક્સ ફરજિયાત હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ બ્લેક બોક્સને વીમાનની પાછળના પૂંછડી જેવા ભાગમાં રાખવામાં આવે છે. કારણ કે, દુર્ઘટના સમયે આ ભાગને નુકશાન થવાનો ખતરો ઓછો હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ બ્લેક બોક્સમાંથી માહિતીઓ રીકવર કરવા માટે ઓછામાં ઓછા 10-15 દિવસનો સમય લાગી શકે છે.

⇛ બ્લેક બોક્સમાં 2 ઉપકરણો આવેલા હોય છે.

- ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR) અને
- કોકપીટ વોઈસ રેકોર્ડર (CVR)

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) સુધારાત્મક અરજી (Curative Petition) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ વિચારધારાની શરૂઆત ભારતમાં રુપા અશોક હુરા કેસ દ્વારા થઈ હતી.

(2) આ વિચારધારાને બંધારણના અનુચ્છેદ 137 દ્વારા ટેકો મળેલો છે.

(3) સુધારાત્મક અરજી રિવ્યુ અરજીની પહેલા આપવી પડે છે.

(4) સુધારાત્મક અરજીને સ્વીકારવી કે નહીં તેનો નિર્ણય સુપ્રીમ કોર્ટના મુખ્ય જજ કરે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ કનટેમ્પ્ટ ઓફ કોર્ટ માટે દોષી ઠરેલા પ્રશાંત ભૂષણે રિવ્યુ અરજીનો નિર્ણય ન આવે ત્યાં સુધી સજા મોફુક રાખવાની ભલામણ કોર્ટને કરી છે. ઉપરાંત તેણે જણાવ્યું છે કે, સુધારાત્મક અરજી દ્વારા પણ તેનું સમાધાન થઈ શકે છે.

⇛ ભારતમાં સુધારાત્મક અરજીની વિચારધારાની શરૂઆત રુપા અશોક હુરા વિ. અશોક હુરા કેસ (2002) દરમિયાન થઈ હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ વિચારધારાના બે હેતુઓ છે. ન્યાયની વિફળતાને રોકવી અને પ્રક્રિયાઓનો ખોટો ઉપયોગ થતો બચાવવો.

⇛ ભારતના બંધારણના અનુચ્છેદ 137 દ્વારા પણ આ અરજીને ટેકો મળેલો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ જ્યારે અંતિમ ચુકાદા સમક્ષની રિવ્યુ અરજીને ડિસમીસ કરવામાં આવી હોય છે ત્યારે સુધારાત્મક અરજી દાખલ કરી શકાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ અરજી ત્રણ વરિષ્ઠત્તમ જજ તથા અંતિમ ચુકાદામાં સમાવિષ્ટ જજને પહોંચાડવામાં આવે છે. ન્યાયાધીશો આ બાબત પર બહુમતીથી નિર્ણય લે છે. ત્યારબાદ નિર્ણય મુજબ અરજીનો સ્વીકાર કે અસ્વીકાર કવરામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) 'ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટ RBI દ્વારા દર છ મહિને જાહેર કરવામાં આવે છે.
(2) રિપોર્ટ મુજબ, ભારતના ઋણ–અને–GDPનું પ્રમાણ (Debt-to-GDP Ratio) નાણાકીય વર્ષ 2022-23માં વધીને 89% થશે.
(3) રિપોર્ટમાં કર સિવાયની આવક વધારવાનું સૂચવવામાં આવ્યું છે.
(4) ભારતની નાણાકીય ખાદ્ય (Fiscal deficit) નાણાકીય વર્ષ 2020-21માં વધીને GDPના 11% જેટલી થશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ રિપોર્ટ વર્લ્ડ બેંક દ્વારા દર છ મહીને પ્રસિદ્ધ કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ રિપોર્ટ મુજબ, ભારતની નાણાકીય ખાદ્ય નાણાકીય વર્ષ 2020-21માં વધીને GDPના 6.6% જેટલી થશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ સાથે ભારતના ઋણ–અને–GDPનું પ્રમાણ નાણાકીય વર્ષ 2022-23માં 89%ની ટોચ પર પહોંચશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અર્થતંત્રની ધીમીગતિનો સામનો કરવા માટેની ભલામણો :

- સબસિડીનું પુનઃમૂલ્યાંકન કરવું તથા કર સિવાયની આવકમાં વધારો કરવો. (આથી, વિધાન (3) સાચું છે.)
- ઘરેલું તથા બાહ્ય ઋણ (borrowing)નું મૂલ્યાંકન કરવું.
- નવા ઋણને વિનીવેશીકરણની આવક સાથે જોડવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) દરિયામાં પ્લાસ્ટીક પ્રદૂષણ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) એટલાન્ટીક મહાસાગરમાં 11.6-21.1 મિલિયન ટન જેટલું માઈક્રો–પ્લાસ્ટીકનું પ્રદૂષણ જોવા મળે છે.

(2) IUCNની માહિતી મુજબ, સમુદ્રોમાં દર વર્ષે ઓછામાં ઓછું 8 મિલિયન ટન પ્લાસ્ટીક ઠલવાય છે.

(3) પ્લાસ્ટીકના નાના કણો દરિયામાં વધુ ઊંડે સુધી જઈ શકે છે.

(4) આ પ્લાસ્ટીક પ્રદૂષણ મુખ્યત્વે વહેતાં પાણી, ગટર–વ્યવસ્થામાં ઓવરફ્લો, બીચ પર્યટકો, માછીમારી ઉદ્યોગ, ઓદ્યૌગિક પ્રવૃત્તિઓ વગેરે દ્વારા ફેલાય છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નેચર કમ્યુનીકેશન્સ દ્વારા એક અભ્યાસ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યુ છે કે, એટલાન્ટીક મહાસાગરમાં 11.6-21.1 મિલિયન ટન જેટલું માઈક્રો–પ્લાસ્ટીકનું પ્રદૂષણ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ પ્લાસ્ટીકના નાના કણો વધારે ખતરારૂપ હોય છે. કારણ કે, તે સમુદ્રમાં વધુ ઊંડે સુધી જઈ શકે છે અને ત્યાં રહેલાં દરિયાઈ જીવોની પાચન પ્રક્રિયામાં ખલેલ પહોંચાડી શકે છે. આ પ્લાસ્ટીક ક્રમશઃ ફુડ ચેઈનમાં પણ ફેલાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ IUCN (ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર)ની માહિતી મુજબ, સમુદ્રમાં દર વર્ષે ઓછામાં ઓછું 8 મિલિયન ટન જેટલું પ્લાસ્ટીક ઠલવાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ દરિયાઈ પ્લાસ્ટીક પ્રદૂષણના મુખ્ય સ્ત્રોતો :

- જમીન આધારીત સ્ત્રોતો : શહેરી અને જળાશયોના વહેતાં પાણી, ગટર–વ્યવસ્થામાં ઓવરફ્લો, બીચ પર્યટકો, કચરા નિયમનની અપૂરતી સુવિધા, ઔદ્યોગીક પ્રવૃત્તિઓ, ગેરકાયદેસર કચરાનું ડમ્પીંગ વગેરે.
- દરિયા આધારીત સ્ત્રોતો : માછીમારી ઉદ્યોગ, દરિયાઈ પ્રવૃત્તિઓ અને જળચર ઉછેર (aquaculture). (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) સ્વચ્છ સર્વેક્ષણ 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) ક્રમશઃ ચોથી વખત સમગ્ર દેશમાં ઈન્દોર સ્વચ્છ શહેરની યાદીમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

(2) ટોચના 10 ક્રમમાં ગુજરાતના 4 શહેરો આવ્યા છે.

(3) આ સર્વે આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો.

(4) હરીદ્વારને ગંગા નદી પરના સૌથી સ્વચ્છ શહેરોનું પ્રથમ સ્થાન મળેલું છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 20 ઓગસ્ટના રોજ સ્વચ્છ સર્વેક્ષણ, 2020ના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે.

⇛ આ પરિણામમાં સતત ચોથા વર્ષે ઈન્દોર સમગ્ર દેશમાં સૌથી સ્વચ્છ શહેરની યાદીમાં પ્રથમ ક્રમે રહયું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ઈન્દોર બાદ બીજા ક્રમે સુરત તથા ત્રીજા ક્રમે નવી મુંબઈ આવ્યું છે.

⇛ આ ક્રમાંકોમાં ટોચના 10 ક્રમોમાં ગુજરાતના 4 શહેર (સુરત, અમદાવાદ, રાજકોટ અને વડોદરા) આવ્યા છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સર્વે આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ બેસ્ટ ગંગા સિટી અથવા તો ગંગા નદી પરના સૌથી સ્વચ્છ શહેરોની યાદીમાં વારાણસી પ્રથમ ક્રમે રહયું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT